# જ્યાં જોઉં ત્યાં નજર પડતા
## (ગુરુદેવશ્રીના ઉપકાર)

[પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના આ ભરતક્ષેત્રમાં થયેલા મંગલકારી જન્મ, તેમની સાધના, તથા ઉપકારથી અત્યંત પ્રમુદિત થઈ તેમનાં પ્રત્યે અત્યંત ભક્તિભાવ વ્યક્ત કરતાં કાવ્યો કે જે પંડિતજીએ પોતે રચ્યાં છે તે રજૂ કરીએ છીએ. જોકે તેમાંનાં 'તુજ પાદ પંકજ......' અને 'કહાનગુરુ તુજ પુનિત ચરણ.....' આ બે સ્તુતિઓ અજાણ કવિઓની રચના હતી, તેમાં વિવિધ પ્રસંગોને અનુરૂપ પંડિત શ્રી હિંમતભાઈએ એવા ફેરફારો કર્યા કે જેથી તે રચનાઓ પણ સાવ જાણે તેમની મૌલિક રચનાઓ ના હોય! તેવી બની ગઈ છે, તેથી તે પણ અહીં તેમની કૃતિઓ તરીકે ગણીને રજુ કરીએ છીએ. આ સ્તવન પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મ-જયંતી પ્રસંગે પંડિત શ્રી હિંમતભાઈએ લગભગ ૨૭-૨૮ વર્ષની ઉમ્રે બનાવેલું હતું.]

(મંદાક્રાન્તા)

જ્યાં જોઉં ત્યાં નજર પડતા રાગ ને દ્વેષ હા! હા!
જ્યાં જોઉં ત્યાં શ્રવણ પડતી પુણ્ય ને પાપગાથા;
જિજ્ઞાસુને શરણસ્થળ ક્યાં? તત્ત્વની વાત ક્યાં છે?
પૂછે કોને પથ પથિક જ્યાં આંધળા સર્વ પાસે?

(શાર્દૂલવિક્રીડિત)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી, ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતા અખંડ સતને તું પ્રાણવંતું કરે.

જેનો જન્મ થતાં સહુ જગતનાં પાખંડ પાછાં પડે,
જેનો જન્મ થતાં મુમુક્ષુહૃદયો ઉલ્લાસથી વિકસે;
જેના જ્ઞાનકટાક્ષથી ઉદય ને ચૈતન્ય જુદાં પડે,
ઈન્દ્રો એ જિનસુતના જનમને આનંદથી ઊજવે.

(અનુષ્ટુપ)

ડૂબેલું સત્ય અંધારે, આવતું તરી આખરે;
ફરી એ વીરવાક્યોમાં પ્રાણ ને ચેતના વહે.

*